# કમિશનરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત
## એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ

એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫.

## ડિપ્લોમા ઈજનેરી/ફાર્મસી પછીના ડિગ્રી ઈજનેરી/ફાર્મસી અભ્યાસક્રમોમાં બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)માં ઑનલાઇન પ્રવેશ કાર્યક્રમ: વર્ષ ૨૦૨૪-૨૫

ડિપ્લોમા ઈજનેરી પછીના ડિગ્રી ઈજનેરી/ફાર્મસી અભ્યાસક્રમોમાં બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં પ્રવેશ માટે DDCET-2024 આપેલ હોય તથા લાયકાત ધરાવતા ઉમેદવારો માટે સરકારી બેઠકોની વેબ આધારિત ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. જે અન્વયે ઉપલબ્ધ બેઠકોમાં સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર સંસ્થાની તમામ બેઠકોનો સમાવેશ થાય છે.

**પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઈન્ટરનેટ દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજિયાત છે.** ઈન્ટરનેટ સુવિધા ન ધરાવતા ઉમેદવાર કોઈપણ ચાર્જ ભર્યા વિના પ્રવેશ સમિતિ દ્વારા નિયુક્ત સાઈબર સ્પેસ સેન્ટર્સ (સુચી વેબસાઈટ www.acpc.gujarat.gov.in પર ઉપલબ્ધ છે) પર રજીસ્ટ્રેશન ની સુવિધા મેળવી શકશે.

**પ્રવેશની લાયકાત:**

- **ડિપ્લોમા ટુ ડિગ્રી ઈજનેરી:** AICTEની જોગવાઈ મુજબ ડિપ્લોમા ઈજનેરીની પરીક્ષા કુલ ગુણના ૪૫% (SC/ST/SEBC/EWS ઉમેદવારો માટે ૪૦%) કે તેથી વધુ ગુણ સાથે પાસ કરેલ હોવું જોઈએ.
- **ડિપ્લોમા ટુ ડિગ્રી ફાર્મસી:** PCIની જોગવાઈ મુજબ ડિપ્લોમા ફાર્મસીની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.

ઉપરોક્ત પ્રવેશ માટે ડિપ્લોમા ઈજનેરી તેમજ ફાર્મસી વિદ્યા શાખાની અંતિમ પરીક્ષા નવેમ્બર/ડિસેમ્બર ૨૦૨૩ અથવા વર્ષ ૨૦૨૪ માં પાસ કરેલ હોય અને ડીડીસીઈટી-૨૦૨૪ માં ઉપસ્થિત થયેલ હોય તેવા ઉમેદવારોને સરકારશ્રી ના પ્રવર્તમાન નિયમ મુજબ મેરિટમાં અગ્રતા ક્રમ આપવામાં આવશે.

અ) **સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની માન્ય બેઠકોની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાઓની માન્ય તમામ બેઠકો માટે:** પ્રવેશ ના નિયમોમાં ઉલ્લેખિત ગુજરાત રાજ્ય સ્થિત માન્ય સંસ્થા/યુનિવર્સિટી માથી અથવા ઉલ્લેખિત અન્ય જોગવાઈ સાથે લઘુત્તમ લાયકાત સાથે ડિપ્લોમા ઈજનેરી/ફાર્મસીની પરીક્ષા પાસ કરેલ હોય અને DDCET-2024ની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

બ) **સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની માન્ય બેઠકોની ૫ % બેઠકો માટે:** પ્રવેશ ના નિયમોમાં ઉલ્લેખિત સમગ્ર દેશમાં (ગુજરાત રાજ્ય સિવાય) સ્થિત માન્ય સંસ્થા/યુનિવર્સિટિમાંથી લઘુત્તમ લાયકાત સાથે ડિપ્લોમા ઈજનેરી/ ફાર્મસીની પરીક્ષા પાસ કરેલ હોય અને DDCET-2024 ની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

AICTEના પ્રવર્તમાન નિયમો અન્વયે કોઈપણ વિદ્યાશાખામાં ડિપ્લોમા ઈજનેરી ધરાવતા ઉમેદવારો ડિગ્રી ઈજનેરીની કોઈપણ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવી શકશે.

વધુ વિગતો માટે સમિતિની વેબસાઈટ પર ઉપલબ્ધ ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે પ્રસિદ્ધ કરવામાં આવતા પ્રવેશના નિયમોનો સંદર્ભ લેવો અનિવાર્ય છે.

**વિદ્યાર્થીઓએ DDCET-2024ના લૉગ-ઇન ક્રેડેન્શિયલ અને એપ્લીકેશન નંબરનો ઉપયોગ કરીને ડિપ્લોમા થી ડિગ્રી એડમિશન માટેનું રજીસ્ટ્રેશન તેમજ અન્ય પ્રવેશ માટેની કાર્યવાહી કરવાની રહેશે.**

**રજીસ્ટ્રેશન પ્રક્રિયા:**

- ઓનલાઈન રજીસ્ટ્રેશન ની પ્રક્રિયા તારીખ **૧૫-૦૫-૨૦૨૪** ના રોજ બપોરે ૦૨:૦૦ વાગ્યાથી શરૂ થશે.
- ઓનલાઈન રજીસ્ટ્રેશન અને તેની રજીસ્ટ્રેશન ફી ભરવાની છેલ્લી તારીખ **૦૫-૦૬-૨૦૨૪** (સાંજે ૦૫:૦૦ કલાક) રહેશે.
- ઉમેદવારે સંબંધિત ડોક્યુમેન્ટ અપલોડ કરીને રજીસ્ટ્રેશન ની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને રજીસ્ટ્રેશન ની ફી રૂ. ૩૫૦/- (નોન રિફંડેબલ) ઓનલાઈન મોડ દ્વારા ચૂકવવાની રહેશે.
- ઉમેદવારે કોઈપણ ડોક્યુમેન્ટ રૂબરૂ આપવાની અથવા તેની રૂબરૂ ચકાસણી કરાવવા જવાની જરૂર નથી. પ્રવેશ માટેની સંપૂર્ણ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન છે.
- ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે પ્રવેશ સમિતિની વેબસાઈટ અને લોગ-ઇન પોર્ટલ દ્વારા વિવિધ માહિતીઓ, ડોક્યુમેન્ટ ચકાસણી પ્રક્રિયા અને અન્ય માર્ગદર્શિકા સંબંધિત જાણકારી માટે રોજ મુલાકાત લેશો.

**ONLINE FACILITIES BY ACPC FOR ADMISSION PROCESS**

| Type of facility | Activities available |
|---|---|
| Website : www.gujacpc.nic.in | Online registration, payment of registration fees |
| | Choice filling |
| | Result of allotment, AdmissionConfirmation and cancellation (if required) |
| | Payment of token Tuition Fees for admission confirmation |
| Websites : www.acpc.gujarat.gov.in | Notifications, Eligibility and merit preparation Rules, Advertisements andall types of announcements and updates related to entire admission process, e-Booklet etc. |
| | List of Institutes and courses offered |
| | List of designated Cyber Space centres |
| | Admission Schedule, Common MeritList, Cut-off marks, Allotment result, Analysis of allotment results etc. |
| Designated CyberSpace centres (Time : 11 AM to 5 PMfor all working days) | Providing free of cost online access foradmission process |
| | For any queries related to admission process |
| Helpline (Time: 08 AM to 12 Mid night) | 079-26566000 For any queries related to admission process |
| **Committee do not have any website other than mentioned above.** | |

તા.: ૧૪/૦૫/૨૦૨૪.

– મેમ્બર સેક્રેટરી

હેલ્પલાઈન નં.: (૦૭૯) ૨૬૫૬૬૦૦૦